પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર તરફથી ૩૧ ડીસેમ્બર-૨૦૧૬, ન્યુ ઇયર પાર્ટી અનુસંધાને નીચે મુજબ પ્રેસનોટ જારી કરવામાં આવે છે.

૧. સને ૧૯૫૧ મુંબઇ પોલીસ અધિનિયમની કલમ:- (૩૩)(૧)(ડબલ્યુ) કે કલમ -૩૮ હેઠળ ઘડાયેલા હુકમના કોઇપણ ભંગ બદલ તે જ અધિનિયમની કલમ અનુક્રમે ૧૩૧(ક) તથા ૧૩૬ અન્વયે દંડની શિક્ષાને પાત્ર રહેશે અને પોલીસ અધિકારીની હાજરીમાં ભંગ કરવાની સ્થિતીમાં વિના વોરંટ ધરપકડ પણ કરી શકાશે.

૨. ખુલ્લા પ્લોટ કે જાહેર જગ્યામાં લાઉડ સ્પીકર બોક્સ ટાઇપના રાખવા અને તમામ સ્પીકરો કાર્યક્રમવાળો જગ્યાની અંદરની બાજુની દિશા તરફ રહે તે રીતે રાખવા તે ઉપરાંત આજુબાજુના રહીશો માટે ઉપદ્રવનો સ્ત્રોત ન બને તે રીતે લાઉડ સ્પીકરનો અવાજ ઓછો રાખવાનો રહેશે. આ લાઉડ સ્પીકરના ઉપયોગ માટેની મંજુરી નોઇસ પોલ્યુશન એક્ટ ૨૦૦૦ની કલમ ૫(૨)(૩)ની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

૩. કાર્યક્રમ દરમ્યાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને કે કોઇ અશ્લિલતાનું પ્રદર્શન થવા ન પામે તેની કાળજી રાખવી તથા મહીલાઓનો માન મરતબો જળવાય તે રીતે પાર્ટીનુ આયોજન કરવાનુ રહેશે.તેમજ કયાંય પણ મહીલાઓને ન છાજે તેવુ વર્તન કે બીભત્સ વર્તન કે પ્રદર્શન થવુ જોઇએ નહી.અને કોઇ અનિચ્છનીય બનાવ બનશે તો સઘળી જવાબદારી કાર્યક્રમના આયોજકોની રહેશે.

૪.ખુલ્લા પ્લોટ કે ક્લબમાં યોજાતા કાર્યક્રમો માટે વાહન પાર્કીંગ, ક્લબ કે પ્લોટની જગ્યામાં થાય તે જોવાની જવાબદારી આયોજકોની રહેશે. કાર્યક્રમ વાળી જગ્યાએ લાયસન્સદારે વાહન પાર્કીંગ વાળી જગ્યાએ પ્રાઈવેટ સિક્યુરીટી ગાર્ડની યોગ્ય પુરતી વ્યવસ્થા રાખવાની રહેશે. ટાફીક પ્રવાહને અવરોધરુપ કે રોડ ઉપર પાર્કીંગ થતુ જણાશે તો પરવાનો રદ થવા પાત્ર રહેશે.કાર્યક્રમ માટે જાહેરહિત+ જગ્યાનો વીમો અચુક ઉતરાવવો.

૫. મંજુરીમાં આપેલ સંખ્યા કરતાં વધુ ટીકીટો છાપશે કે વેચશે નહી કે વધુ પ્રેક્ષકોને પ્રવેશ આપવો નહી.

૬. ન્યુ ઇયર પાર્ટી દરમ્યાન દારૂ, નશાકારક કે માદક દ્રવ્યો/હુક્કા જેવી વસ્તુઓનુ ગેરકાયદેસર સેવન કરી શકાશે નહી. કેફી પ્રદાર્થ કે દારૂનું ગેરકાયદેસર સેવન કરેલી વ્યક્તિઓને કોઈ પણ સંજોગોમાં પ્રવેશ આપવો નહીં.તેમજ આવી કોઈ વ્યક્તિ કેફી પ્રદાર્થ કે દારૂ પીધેલ જણાયતો પોલીસને જાણ કરવાની રહેશે.

૭.પાર્ટીમાં આવનાર તમામ આમંત્રિતો તથા ડાન્સ કલાકારોના નામ, સરનામા/આઇ.ડી.પ્રુફ સહિતની વિગતો એક માસ સુધી સાચવીને રાખવાની રહેશે.તેમજ આ વિગતો પોલીસને જરૂર હશે તો મંગાવી શકશે.

૮. ન્યુ ઇયર પાર્ટીના તમામ પ્રોગ્રામનુ **HD CCTV** દ્વારા કાર્યક્રમના **Entry/Exit** વાળી જગ્યાએ તેમજ કાર્યક્રમ વાળીઅંદરની જગ્યાએ તેમજ વાહનપાર્કીંગ વાળી જગ્યાએ એમ અલગ અલગ વિડીયો રેકોંડીંગ કરવાનુ રહેશે. અને આ રેકોર્ડીંગની **CD** જે તે પોલીસ સ્ટેશનમાં બીજા જ દિવસે એટલે કે તા:૦૧/૦૧/૨૦૧૭ના રોજ જમા કરાવવાની રહેશે.

૯.ન્યુ ઇયર પાર્ટીમાં બંધ હોલમાં રાત્રીના ક.૨૪:૦૦ સુધી અને ખુલ્લા પાર્ટી પ્લોટમાં રાત્રીના ૧૦.૦૦ સુધી પરવાનગી આપવામાં આવેલ છે. જેથી ત્યાર બાદ પાર્ટી ચાલુ રાખી શકાશે નહી.

૧૦.ન્યુ ઇયર પાર્ટીમાં કોઇપણ શંકાસ્પદ વ્યક્તિ કે બીનવારસી શંકાસ્પદ કોઈ પણ ચીજ-વસ્તું/વાહન ધ્યાનમાં આવેથી તાત્કાલીક સ્થાનીક પોલીસ અને **City PoliceControl Room (No.100)** ને જાણ કરવી.

૧૧.ન્યુ ઈયર પાર્ટીમાં પ્રવેશદ્વાર પર ડોરફ્રેમ મેટલ ડીટેકટર/હેન્ડ હેલ્ડ મેટલ ડીટેક્ટર તથા બ્રેથ એનાલાઈઝર વગેરેથી તમામે તમામ વ્યક્તિઓનું વ્યવસ્થીત રીતે ચેકીંગ કરવાનું રહેશે.આવું ચેકીંગ પુરુષ અને મહીલા સુરક્ષા કર્મચારીઓથી કરાવવાનું રહેશે.અને શંકાસ્પદ વ્યક્તિની શારીરિક ચકાસણી કરવી.સલામતી સારું એન્ટ્રન્સ તથા એક્ઝીટ દ્વારમાં ભીડભાડ ન થાય તે સારું મોટા રાખવા તથા અલગ અલગ સ્થળે રાખવા.

૧૨. કોઈ પણ હોટલ/રેસ્ટોરરન્ટ/બેન્કવેટ/પાર્ટીપ્લોટ/ફાર્મહાઉસમાં ૩૧ ડીસેમ્બર ન્યુ ઈયર પાર્ટીનો કાર્યક્રમ નિયમોનુસાર પર્ફોર્મન્સ લાયસન્સ મેળવ્યા સિવાય જો કોઈ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તો તેવા કાર્યક્રમો તુરત જ બંધ કરાવવામાં આવશે અને નિયમોનુસારની કાયદેસરની કાર્યવાહીના પગલા લેવામાં આવશે.

"પોલીસ કમિશનરશ્રીના હુકમથી"

(ડી.એમ.ચાવડા)
પોલીસ ઇન્સ્પેકટર
લાયસન્સ શાખા
અમદાવાદ શહેર

પ્રતિ,

(૧) જન સંપર્ક અધિકારીશ્રી,કંન્ટ્રોલ રુમ,અમદાવાદ શહેર

૨/-જાણ સારું દૈનિક પત્રોમાં,દુરદર્શન,આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારું

(૨) પો.ઈન્સ.શ્રી તમામ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.

૨/-જાણ સારું તેમજ પો.સ્ટે.વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તેકેદારી રાખવા સારું